# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

https://gpssb.gujarat.gov.in

બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ,ગાંધીનગર

## પ્રોવીઝનલ મેરીટયાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોના પ્રમાણપત્ર ચકાસણી અંગેની અગત્યની જાહેરાત

૧. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા જાહેરાત ક્રમાંક ૯/૨૦૨૧-૨૨ પશુધન નિરીક્ષક સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા તા.૨૬/03/૨૦૨૨ના રોજ લેવાયેલ હતી.આ સ્પર્ધાત્મક પરીક્ષાના પ્રોવીઝનલ રીઝલ્ટ અને પ્રોવીઝનલ મેરીટ લીસ્ટ મંડળ ધ્વારા તા.૨૬-૦૫-૨૦૨૨ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે મંડળની વેબસાઇટ https://gpssb.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે..

૨. આ પ્રોવીઝનલ મેરીટલીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોને નીચે મુજબની વિગતે અસલ પ્રમાણપત્ર ચકાસણી માટે નીચે દર્શાવેલ સ્થળે દરેક ઉમેદવારને ફાળવેલ તારીખ-સમયે જાતે અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે. જે અંગેના ઇમેઇલ ,ઉમેદવારે તેની અરજીમાં દર્શાવેલ ઇમેઇલ આઇડી ઉપર મોકલવામાં આવી રહેલ છે. ઉમેદવારને મોકલવામાં આવનાર ઇમેઇલ સાથે પ્રમાણપત્રોની અનુક્રમણિકાની નકલ ,એટેસ્ટેશન ફોર્મ (નમુનો-૧), અને ઉમેદવારની શૈક્ષણિક લાયકાતની વિગત દર્શાવતું પત્રક (નમુનો-૨) પણ મોકલવામાં આવશે જે ઉમેદવારે ધ્યાનથી વાંચી -સમજી તેમાં જરૂરી વિગતો ભરીને પ્રમાણપત્ર ચકાસણી વખતે આવવાનું રહેશે.

3. આથી પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ દરેક ઉમેદવારોને તેમને ફાળવેલ તારીખ/સમયે નીચે દર્શાવેલ પ્રમાણપત્રો સહિત (લાગુ પડતા હોય તે) (અસલ પ્રમાણપત્રો સહિત) ચકાસણી માટે નિયત સ્થળે જાતે અચુક હાજર રહેવા જણાવવામાં આવે છે.જો પ્રમાણપત્ર ચકાસણીની નિયત તારીખે-સમયે કોઇ ઉમેદવાર ગેરહાજર રહેશે તો સબંધિત ઉમેદવારે તેની ઉમેદવારી કાયમીપણે પાછી ખેંચી લીધી હોવાનું ગણાશે અને ત્યારપછી તે બાબતમાં કોઇપણ દાવો અથવા વિવાદ ગ્રાહય રાખવામાં આવશે નહીં,તેની સર્વે ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

### ઉમેદવારે રુબરુમાં રજુ કરવાના પ્રમાણપત્રો (અસલ + સ્વપ્રમાણિત નકલો- બે સેટમાં )

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | ઉમેદવારની ઓનલાઇન અરજીની પ્રિન્ટ નકલ |
| ૨ | એટેસ્ટેશનફોર્મ (નમુનો-૧) |
| ૩ | ઉમેદવારની શૈક્ષણિક લાયકાતની વિગત દર્શાવતું પત્રક (નમુનો-૨) |
| ૪ | ધોરણ-૧૦ ની માર્કશીટની પ્રમાણિત નકલ |
| ૫ | ધોરણ-૧૦ ના ટ્રાયલ સર્ટીફીકેટની પ્રમાણિત નકલ |
| ૬ | ધોરણ-૧૨ ની માર્કશીટની પ્રમાણિત નકલ |
| ૭ | ધોરણ-૧૨ ના ટ્રાયલ સર્ટીફીકેટની પ્રમાણિત નકલ |
| ૮(૧) | ભરતી નિયમો અને જાહેરાતની જોગવાઇ મુજબ **one year duration the pre-service Live Stock Inspector course recognized by the Government of Gujarat** સર્ટીફીકેટની પ્રમાણિત નકલ (જો ધરાવતા હોય તો) |
| ૮(૨) | ઉપરોકત કોર્સના તમામ સેમેસ્ટર/વર્ષની માર્કશીટની પ્રમાણિત નકલો |
| ૮(3) | ઉપરોકત કોર્ષ અને સંસ્થા સરકાર માન્ય (recognised) હોવા અંગેના આધાર-પુરાવાની નકલ |
| ૯(૧) | ભરતી નિયમો અને જાહેરાતની જોગવાઇ મુજબ **three years diploma in Veterinary Science and Animal Husbandry or Diploma in Animal Husbandry** ના સર્ટીફીકેટની પ્રમાણિત નકલ (જો ધરાવતા હોય તો) |
| ૯(૨) | ઉપરોકત ડિપ્લોમાના તમામ સેમેસ્ટર/વર્ષની માર્કશીટની પ્રમાણિત નકલો |
| ૧૦ | શાળા છોડયાનું પ્રમાણપત્રની પ્રમાણિત નકલ |
| ૧૧ | કોમ્પ્યુટરના નોલેજ અંગેનું નિયત પ્રમાણપત્રની પ્રમાણિત નકલ |
| ૧૨ | જાતિ અંગેનું પ્રમાણપત્ર (SC/ST ઉમેદવારના કિસ્સામાં) ની પ્રમાણિત નકલ |
| ૧૩ | સા.શૈ.પ વર્ગ ના ઉમેદવારોના કિસ્સામાં નોનક્રિમીલેયર પ્રમાણપત્ર ની પ્રમાણિત નકલ + બાંહેધરીપત્ર અસલમાં રજુ કરવું. (લાગુ પડતું હોય તો) |
| ૧૪ | આર્થિક રીતે નબળા વર્ગ(EWS)ના ઉમેદવારોના કિસ્સામાં EWS અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ + બાંહેધરીપત્ર અસલમાં રજુ કરવું. (લાગુ પડતું હોય તો) |
| ૧૫ | શારીરીક અશકતતા (દિવ્યાંગ ઉમેદવાર હોવા) અંગેના નિયત પ્રમાણપત્રની પ્રમાણિત નકલ (લાગુ પડતું હોય તો) |
| ૧૬ | માજી સૈનિક હોવા અંગેના આધારો અને ડીસ્ચાર્જ બુકની પ્રમાણીત નકલ (લાગુ પડતું હોય તો) |
| ૧૭ | વિધવા હોવા અંગેના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ (લાગુ પડતું હોય તો) |
| ૧૮ | માન્ય રમતગમત (Sports)ના વધારાના ગુણ મેળવવા માટેના નિયત પ્રમાણપત્રની પ્રમાણિત નકલ (લાગુ પડતું હોય |

| | |
|---|---|
| | તો) |
| ૧૯ | ઉમેદવારના આધારકાર્ડની પ્રમાણિત નકલ (ધરાવતા ન હોય તો મેળવેલ નથી તેવું લખવું) |
| ૨૦ | ઉમેદવારના પાનકાર્ડ(જો હોય તો)ની પ્રમાણિત નકલ (ધરાવતા ન હોય તો મેળવેલ નથી તેવું લખવું) |
| ૨૧ | પાસપોર્ટ સાઇઝના વધારાના બે ફોટા (એક કાગળ ઉપર ચોંટાડી તેની નીચે નામ લખી સહી કરી લાવવાના રહેશે.) |
| ૨૨ | નામમાં ફેરફાર કરાયેલ હોય તો તે અંગેના સરકારી ગેઝેટ વિગરે આધારોની પ્રમાણિત નકલ(લાગુ પડતું હોય તો) |
| ૨૩ | પરિણિત મહિલાના કિસ્સામાં અરજી અને પ્રમાણપત્રોના નામમાં વિસંગતતા હોય તો લગ્ન નોંધણી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ, તેમજ એક જ વ્યકિત હોવા બદલના સોંગદનામાની પ્રમાણિત નકલ. (લાગુ પડતું હોય તો) |
| ૨૪ | ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/ કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓના કિસ્સામાં નિયત નમુનામાં સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ "ના વાંધા પ્રમાણપત્ર"(લાગુ પડતું હોય તો) |

**પ્રમાણપત્ર ચકાસણી કાર્યક્રમ**

**પ્રમાણપત્ર ચકાસણીનું સ્થળઃ-**

**સરદાર વલ્લભભાઇ પટેલ ભવન-આણંદ, (જિલ્લા પંચાયત કચેરી-આણંદ)**
**કોમન હોલ, ચોથો માળ, આણંદ-સોજીત્રા રોડ, બોરસદ ચોકડી,**
**આણંદ**

| પ્રમાણપત્ર ચકાસણીની તારીખ | પ્રમાણપત્ર ચકાસણીનો સમય | પ્રોવીઝનલ મેરીટ લીસ્ટના SR No. |
|---|---|---|
| તા.૦૯-૦૬-૨૦૨૨ ગુરૂવાર | સવારે ૧૦-૩૦ કલાક | ૧ થી ૩૦ |
| | બપોરે- ૧૪-૦૦ કલાક | ૩૧ થી ૬૦ |
| તા.૧૦-૦૬-૨૦૨૨ શુક્રવાર | સવારે ૧૦-૩૦ કલાક | ૬૧ થી ૯૦ |
| | બપોરે- ૧૪-૦૦ કલાક | ૯૧ થી ૧૨૦ |
| તા.૧૩-૦૬-૨૦૨૨ સોમવાર | સવારે ૧૦-૩૦ કલાક | ૧૨૧ થી ૧૫૦ |
| | બપોરે- ૧૪-૦૦ કલાક | ૧૫૧ થી ૧૮૦ |
| તા.૧૪-૦૬-૨૦૨૨ મંગળવાર | સવારે ૧૦-૩૦ કલાક | ૧૮૧ થી ૨૧૦ |
| | બપોરે- ૧૪-૦૦ કલાક | ૨૧૧ થી ૨૪૦ |
| તા.૧૫-૦૬-૨૦૨૨ બુધવાર | સવારે ૧૦-૩૦ કલાક | ૨૪૧ થી ૨૭૦ |
| | બપોરે- ૧૪-૦૦ કલાક | ૨૭૧ થી ૩૦૦ |
| તા.૧૬-૦૬-૨૦૨૨ ગુરૂવાર | સવારે ૧૦-૩૦ કલાક | ૩૦૧ થી ૩૩૦ |
| | બપોરે- ૧૪-૦૦ કલાક | ૩૩૧ થી ૩૬૦ |
| તા.૧૭-૦૬-૨૦૨૨ શુક્રવાર | સવારે ૧૦-૩૦ કલાક | ૩૬૧ થી ૩૯૦ |
| | બપોરે- ૧૪-૦૦ કલાક | ૩૯૧ થી ૪૨૦ |
| તા.૧૮-૦૬-૨૦૨૨ શનિવાર | સવારે ૧૦-૩૦ કલાક | ૪૨૧ થી ૪૫૦ |
| | બપોરે- ૧૪-૦૦ કલાક | ૪૫૧ થી ૪૮૦ |
| તા.૨૦-૦૬-૨૦૨૨ સોમવાર | સવારે ૧૦-૩૦ કલાક | ૪૮૧ થી ૪૯૫ |

"મંડળના આદેશાનુસાર" — સચિવ

તારીખઃ-૦૩-૦૬-૨૦૨૨